1 ગુજરાત રાજ્યમાં માધ્યમિક શાળાઓ માટે સહાયક અનુદાન નિયમ સંગ્રહનો અમલ ક્યારથી શરૂ થયો ?

(A) 1લી એપ્રિલ, 1964 (B) 1લી મે, 1963

(C) 1લી જૂન, 1965 (D) 1લી એપ્રિલ, 1966

2 અનુદાન નિયમ સંગ્રહ, 1964ના કયા નિયમ મુજબ બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂકો માટેની પસંદગી સમિતિની જોગવાઈ કરેલી છે ?

(A) નિયમ 1964 - 1 (B) નિયમ 1964 - 2

(C) નિયમ 1964 - 3 (D) નિયમ 1964 - 4

3 જિલ્લા શિક્ષણ અધિકારી સહાય અનુદાન નિયમ સંગ્રહ, 1964ના નિયમ 95 મુજબ અનુદાનમાં કેટલા ટકા જેટલી કપાત નિયમાનુસાર કાર્યવાહી કરીને કરી શકે છે ?

(A) 5 ટકા (B) 10 ટકા

(C) 25 ટકા (D) 30 ટકા

4 સહાયક અનુદાન નિયમ સંગ્રહ, 1964 મુજબ નિયમ 85-2 અનુસાર નિભાવ ગ્રાન્ટ મેળવવા માટે શહેરી વિસ્તારમાં કેટલી વસ્તીવાળા વિસ્તારને ગણવાની જોગવાઈ છે ?

(A) 30 હજાર કે તેથી વધુ (B) 40 હજાર કે તેથી વધુ

(C) 50 હજાર કે તેથી વધુ (D) 20 હજાર કે તેથી વધુ

5 માધ્યમિક શાળાના કર્મચારીઓને ગેરવર્તણૂકના કારણોસર નાની શિક્ષા કરવાની સંખ્યા વિનિયમો 27 (અ) (2) હેઠળ કેટલી છે ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

6 નોંધાયેલ માધ્યમિક શાળાના કર્મચારીઓને ગેરવર્તણૂકના કારણોસર મોટી શિક્ષાઓની સંખ્યા વિનિયમો 27 (અ) (2) હેઠળ કેટલી છે ?

(A) 4 (B) 3

(C) 2 (D) 1

7 નોંધાયેલ માધ્યમિક શાળાના કર્મચારી વિરુદ્ધ ગેરવર્તન માટેની મોટી શિક્ષા કરવાની તપાસ સમિતિ કેટલા સભ્યોની બનેલી હોય છે ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

8 નોંધાયેલ માધ્યમિક શાળાના કર્મચારીને ગેરવર્તન બાબતે શિસ્ત અધિકારીના હુકમથી નારાજ થઈ, કર્મચારીએ કેટલા દિવસમાં અપીલ કરવી જોઈએ ?

(A) 10 દિવસ (B) 20 દિવસ
(C) 30 દિવસ (D) 45 દિવસ

9 રજિસ્ટર માધ્યમિક શાળાના શિસ્ત અધિકારીએ બજાવેલા હુકમથી નારાજ થઈ, મજબૂર કર્મચારીએ કરેલ અપીલનો નિર્ણય કેટલા દિવસમાં લેવાનો રહે છે ?

(A) 45 દિવસ (B) 60 દિવસ
(C) 65 દિવસ (D) 75 દિવસ

10 માધ્યમિક શિક્ષણ બોર્ડના લીધેલા નિર્ણયનો અમલવાર રાજ્યના હિતમાં ન હોય તો રાજ્ય સરકાર અધિનિયમની કઈ કલમ હેઠળ અટકાવી શકે છે ?

(A) 17 (B) 48
(C) 50 (D) 53

11 રજિસ્ટર થયેલ માધ્યમિક શાળાના ગેરવહીવટ બાબતે અનુદાન કાપ આપવાનું બોર્ડ સરકારને કયા નિયમ હેઠળ ભલામણ કરી શકે ?

(A) 17 (8) (B) 17 (10)
(C) 17 (15) (D) 17 (17)

12 રજિસ્ટર માધ્યમિક શાળાના કર્મચારીની પસંદગી માટે કેટલા પ્રકારની પસંદગી સમિતિની રચના કરવામાં આવી છે ?

(A) 4 (B) 3
(C) 2 (D) 1

13 નોંધાયેલ માધ્યમિક શાળામાં 6 શિક્ષકોથી ઓછી સંખ્યામાં ફરજ બજાવતા શિક્ષકો પૈકી કેટલા શિક્ષકોની પસંદગી સમિતિમાં શ્રેયાનતાના આધારે નિયુક્તિ કરવાની હોય છે ?

(A) 4 (B) 3
(C) 2 (D) 1

14 બિનસરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની ભરતી કરવાની શરૂઆત ક્યારથી થઈ ?

(A) તા. 2-7-99 (B) તા. 30-6-99
(C) તા. 17-7-99 (D) તા. 19-6-99

15 ભારતના સંવિધાનની કઈ કલમથી અનુસૂચિત જાતિઓને વિશેષ લાભ પ્રાપ્ત થયેલ છે ?

(A) કલમ 341 (B) કલમ 342

(C) કલમ 343 (D) કલમ 344

16 માધ્યમિક શિક્ષણ બોર્ડમાં રજિસ્ટ્રેશન પ્રમાણપત્રનો નમૂનો ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974માં આપેલા કયા નમૂના મુજબનો હોવો જોઈએ ?

(A) નમૂનો - 5 (B) નમૂનો - 3

(C) નમૂનો - 6 (D) નમૂનો - 7

17 નોંધાયેલ માધ્યમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકોની સંખ્યા 15 છે, તે પૈકી કેટલા શિક્ષકની શ્રેયાનતાના ધોરણે શિક્ષકોની પસંદગી સમિતિમાં નિયુક્તિ કરી શકાય ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

18 નોંધાયેલ માધ્યમિક શાળાની શિક્ષક પસંદગી સમિતિમાં સંચાલક મંડળના કેટલા સભ્યો સંચાલક મંડળ નિયુક્ત કરી શકતા હતા ?

(A) 6 (B) 5

(C) 4 (D) 2

19 નોંધાયેલ માધ્યમિક શાળાના કર્મચારીને નોકરીમાંથી બરતરફ કરવા સારુ સંચાલક મંડળે ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમની કઈ શરતનું પાલન કરવું અનિવાર્ય છે ?

(A) 36 (1) (B) 36 (1) (a)

(C) 36 (1) (b) (D) 36 (1) (a) (b)

20 જિલ્લા શિક્ષણ સમિતિમાં વિદ્યાસહાયક તરીકે જોડાનાર શિક્ષકને માસિક મુકરર વેતન ________ આપવામાં આવે છે.

(A) રૂ. 3,600 (B) રૂ. 4,500

(C) રૂ. 5,300 (D) રૂ. 7,500

21 નોંધાયેલ માધ્યમિક શાળામાં જોડાનાર શિક્ષણ સહાયક શિક્ષકને પ્રથમ માસિક મુકરર પગાર ________ ચૂકવવામાં આવે છે.

(A) રૂ. 4,500 (B) રૂ. 5,300

(C) રૂ. 6,000 (D) રૂ. 9,400

22 રજિસ્ટર માધ્યમિક શાળાના શિક્ષકો માટેના ખાનગી અહેવાલ નમૂનો-8માં નીચેના પૈકી કઈ વિગતનો સમાવેશ થતો નથી ?

(A) નોકરીમાં જોડાયાની તારીખ (B) પગાર ધોરણ

(C) શિક્ષકની લાયકાત (D) ઈજાફો છોડ્યાની તારીખ

23 પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા અને કૌશલ્યની તાલીમ કઈ સંસ્થા દ્વારા આપવાની જોગવાઈ છે ?

(A) જી. સી. ઈ. આર. ટી. (B) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ

(C) રાજ્ય પરીક્ષા બોર્ડ (D) એસ. ટી. ટી. આઈ.

24 ગુજરાતના વિદ્યાર્થીઓ અંગ્રેજી જ્ઞાન મેળવતા થાય અને વૈશ્વિક ક્ષેત્રે હરીફાઈ કરતા થાય તે માટે રાજ્ય સરકારે શરૂ કરેલી યોજના કયા નામથી ઓળખાય છે ?

(A) G.I.E.T. (B) S.C.O.P.E.

(C) K.C.G. (D) G.K.S.

25 ગુજરાતના શૈક્ષણિક રીતે પછાત વિસ્તારમાં કન્યા શિક્ષણને વેગ આપવા માટે સર્વ શિક્ષા અભિયાનમાં કયો રાષ્ટ્રીય કાર્યક્રમ ચાલે છે ?

(A) N.P.E.G.E.L. (B) K.G.B.V.

(C) S.G.P. (D) A.D.E.P.T.S.

26 ધોરણ 10 અને 12 તેમજ વધુ શિક્ષિત વિદ્યાર્થીઓને ઊંચી કાર્યકુશળતા અને રોજગારીની નવી દિશા મળે માટે શિક્ષણ ક્ષેત્રે કઈ સંસ્થા કાર્યરત છે ?

(A) K.C.G. (B) ગુજરાત નોલેજ સોસાયટી

(C) G.I.E.T. (D) ગુજરાત એક્રેડિટેશન સોસાયટી

27 માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ, શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતા સામયિકનું વાર્ષિક લવાજમ શાળા માટે કેટલા રૂપિયા છે ?

(A) 20 (B) 200

(C) 250 (D) 400

28 માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ, શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતા સામયિકનું વાર્ષિક લવાજમ વ્યક્તિ માટે કેટલા રૂપિયા છે ?

(A) 200 (B) 230

(C) 250 (D) 400

29 માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ સામયિકમાં પ્રગટ થયેલ મૌલિક લેખ માટે લેખકને કેટલા રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવે છે ?

(A) 20 (B) 60

(C) 80 (D) 100

30 પ્રાથમિક શાળામાં વાંચન ટેવ વિકસે અને નવીન જ્ઞાન તથા માહિતી મેળવે તેમજ સર્જનાત્મક વિકાસના પરિચય માટે કયું બાલસામયિક વિના મૂલ્યે શાળાઓમાં અપાય છે ?

(A) બાલવીર (B) બાલપોથી

(C) બાલયોગી (D) બાલસૃષ્ટિ

31 પી.ટી.સી. પરીક્ષાનું આયોજન અને વ્યવસ્થાપન રાજ્યમાં કઈ સંસ્થા સંભાળે છે ?

(A) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(B) જી. સી. ઈ. આર. ટી.

(C) રાજ્ય પરીક્ષા બોર્ડ

(D) એસ. ટી. ટી. આઈ.

32 રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ઘડતર અને અમલીકરણમાં અનુકૂળ પરિબળ ધરાવતી સંસ્થા નીચે પૈકી કઈ છે ?

(A) GCERT (B) NCERT

(C) NIPA (D) SPIPA

33 પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 24 (2) હેઠળ કરવાની અપીલમાં કઈ કઈ બાબતોનો સમાવેશ હોય છે ?

(A) મહત્ત્વનાં નિવેદનો અને દલીલો

(B) જે હુકમ વિરુદ્ધ અપીલ કરવામાં આવી હોય તેની નકલ

(C) અપીલ પ્રાદેશિક ભાષા / અંગ્રેજીમાં હોવી જોઈએ

(D) ઉપરના પૈકી બધા જ

34 જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ અપીલ મળ્યાના કેટલા દિવસની મુદતમાં સમિતિના અધ્યક્ષ અને DEOને જાણ કરવી જોઈએ ?

(A) 10 (B) 14

(C) 15 (D) 21

35 ________ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસને રચનાત્મક પદ્ધતિથી ચકાસવાની પ્રક્રિયા છે.

(A) શિક્ષણ મૂલ્યાંકન
(B) સર્વાંગી મૂલ્યાંકન
(C) સર્વગ્રાહી મૂલ્યાંકન
(D) શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન

36 સર્વાંગી શિક્ષણ આપતી વખતે શિક્ષણકાર્ય કરતા પહેલાં શિક્ષકે કઈ બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે ?

(A) પૂર્વભૂમિકા
(B) વિષયવસ્તુનું વિશ્લેષણ
(C) એકમનું શિક્ષણકાર્ય
(D) આપેલ તમામ

37 સહાયક અનુદાન નિયમ સંગ્રહની કયા નિયમ મુજબ ખાતાની પરવાનગી મેળવીને સંચાલક મંડળમાં ફેરફાર કરવામાં આવે તો ગ્રાન્ટના હેતુઓ માટે શાળાને જૂની શાળા જ ગણાવામાં આવશે ?

(A) નિયમ-9.1
(B) નિયમ-9.2
(C) નિયમ-9.3
(D) નિયમ-9.4

38 સહાયક અનુદાન નિયમ સંગ્રહ, 1964ના કયા નિયમ અનુસાર શાળામાં તથા શાળાના સંચાલક મંડળ દ્વારા સીધી કે આડકતરી રીતે નિયંત્રિત કોઈ વિદ્યાર્થીને શારીરિક શિક્ષા કરી શકાશે નહીં ?

(A) નિયમ-76
(B) નિયમ-79
(C) નિયમ-77
(D) નિયમ-83

39 વ્યવસાયલક્ષી શાળાઓને સહાય અનુદાન નિયમ સંગ્રહ, 1964ના કયા નિયમ મુજબ નિભાવ ગ્રાન્ટ, સાધન સામગ્રી આપવાની ગ્રાન્ટની જોગવાઈ છે ?

(A) 86
(B) 88
(C) 91
(D) 92

40 એસાઈનમેન્ટનો અંતિમ ધ્યેય શું છે ?

(A) વિદ્યાર્થીને ગૃહકાર્ય કરાવવાનો
(B) શિક્ષકની શિક્ષણ પદ્ધતિ સુધારવાનો
(C) વિદ્યાર્થીને શિક્ષણ પ્રત્યે જીવંત રાખવાનો
(D) વિદ્યાર્થીઓની શિક્ષણ પ્રક્રિયાને સુદૃઢ કરવાનો

41 ________ શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની આધારભૂત પ્રવિધિ છે.

(A) અવલોકન
(B) શિક્ષણનો હેતુ
(C) મૂલ્યાંકન
(D) વર્ગકાર્ય

42 એક માધ્યમિક શાળામાં કુલ 08 વર્ગો છે. શાળા શહેરી વિસ્તારમાં આવેલી છે. ધો. 10ની બોર્ડની પરીક્ષામાં 49% પરિણામ આવેલું છે. તો તા. 6-7-2013ના ઠરાવ અનુસાર નિભાવ ગ્રાન્ટ - ઈતર ખર્ચ માટે કેટલી રકમનું વાર્ષિક અનુદાન મળવાપાત્ર છે ?

(A) રૂ. 48,000 (B) રૂ. 96,000

(C) રૂ. 1,92,000 (D) રૂ. 3,84,000

43 ખાનગી પ્રાથમિક શાળા એટલે .....

(A) સ્કૂલ બોર્ડ સંચાલિત શાળા

(B) બિનઅધિકૃત નગરપાલિકા સંચાલિત શાળા

(C) ટ્રસ્ટ સંચાલિત શાળા

(D) અધિકૃત નગરપાલિકા સંચાલિત શાળા

44 જે વ્યક્તિ નવા શૈક્ષણિક વર્ષના આરંભથી ખાનગી શાળા સ્થાપીને પ્રાથમિક શિક્ષણ આપવા માંગતી હોય તે વ્યક્તિએ અગાઉના શૈક્ષણિક વર્ષના _______ મહિનાની છેલ્લી તારીખે અથવા તે પહેલાં પરિશિષ્ટ 'ગ'ના નમૂના 'ક' પ્રમાણે અધિકૃત અધિકારીને અરજી કરવી જોઈએ.

(A) જૂન (B) ઓગસ્ટ

(C) ઓક્ટોબર (D) ફેબ્રુઆરી

45 શાળામાં ધોરણ 10 અને 12ની માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનાં નબળા પરિણામ માટે શાળાના આચાર્ય અને શિક્ષકોની જવાબદારી ગણી તેઓની પર શિક્ષાત્મક કાર્યવાહી કરવાનું ક્યા ઠરાવથી નક્કી કરવામાં આવ્યું ?

(A) તા. 2-7-99નો ઠરાવ (B) તા. 30-6-99નો ઠરાવ

(C) તા. 10-7-2007નો ઠરાવ (D) તા. 6-7-2013નો ઠરાવ

46 સ્કૂલ બોર્ડના કર્મચારીએ શિક્ષાત્મક હુકમ સામે અપીલ કરવા, મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949 અન્વયે, વહીવટી અધિકારીને નિયમ _______ હેઠળ અપીલ કરવી જોઈએ.

(A) 70 (B) 71

(C) 74 (D) 76

47 મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949ના નિયમ 106 (2) અને 111 (2) અન્વયે રજૂ કરેલ ખાનગી શાળાના સ્ટાફની નોકરીની નમૂનારૂપ શરતો એટલે અનુસૂચિ -

(A) ક (B) ખ

(C) ચ (D) છ

48 આદિજાતિ વિસ્તારના કેટલા કિલોમીટરની ત્રિજ્યામાં ઉચ્ચતર માધ્યમિક શાળા ન હોય તો તા. 25-2-09ના ઠરાવ મુજબ કેટલા અંતરે આપવી જોઈએ ?

(A) 5 કિ.મી. ત્રિજ્યા (B) 7 કિ.મી. ત્રિજ્યા

(C) 10 કિ.મી. ત્રિજ્યા (D) 15 કિ.મી. ત્રિજ્યા

49 નવી ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવા પરિશિષ્ટ 'ગ'ના નમૂના 'ક'માં જરૂરી વિગત અને રૂ. ______ ની ફી સહિતની અધિકૃત અધિકારીને અરજી કરવી જોઈએ.

(A) 500 (B) 1,500

(C) 1,000 (D) 2,000

50 ધોરણ 8ના માધ્યમિક શાળામાંથી ઉચ્ચતર પ્રાથમિક શાળામાં સમાવેશ કરવાના કારણે અનુદાનિત માધ્યમિક શાળાના ફાજલ થતા શિક્ષકોને સરકારશ્રીના કઈ તારીખના ઠરાવથી રક્ષણ આપવામાં આવ્યું છે ?

(A) તા. 21-5-94 (B) તા. 6-7-98

(C) તા. 16-8-2002 (D) તા. 22-11-2010

51 શૈક્ષણિક વર્ષ 2007-2008 દરમિયાન કઈ યુનિવર્સિટીએ શિક્ષકો માટે ઘેર બેઠા બી.એડ્.ના અભ્યાસની સવલતો અમલમાં મૂકી ?

(A) ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી

(B) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

(C) ડૉ. આંબેડકર ઓપન યુનિવર્સિટી

(D) સરદાર પટેલ યુનિવર્સિટી

52 રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ કઈ તારીખે ઉજવાય છે ?

(A) 22 માર્ચ (B) 28 એપ્રિલ

(C) 28 ફેબ્રુઆરી (D) 5 જૂન

53 ગુજરાતમાં આદર્શ નિવાસી શાળાઓ નીચેના પૈકી કયા વિભાગથી નિભાવવામાં આવે છે ?

(A) શ્રમ અને રોજગાર વિભાગ (B) શિક્ષણ વિભાગ

(C) માહિતી અને પુરવઠા વિભાગ (D) સમાજ કલ્યાણ વિભાગ

54 તારીખ 30-6-99ના ઠરાવ મુજબ પરિશિષ્ટ-2 ઇતર ખર્ચ માટે માન્ય ખર્ચની યાદી અન્વયે શિક્ષકની રજાના કારણે ખાલી પડેલ જગ્યાનો અવેજી શિક્ષક નિમણૂકના વધુમાં વધુ કેટલા માસના પગાર ભથ્થાં મંજૂર કરી શકાય ?

(A) 1 માસ (B) 2 માસ

(C) 3 માસ (D) 6 માસ

55 ગુજરાતના બાળ કેળવણીના ક્ષેત્રે મૂછાળી માં, તરીકે ઓળખાય છે.

(A) સ્વ. ગિજુભાઈ બધેકા (B) સ્વ. નાનાભાઈ ભટ્ટ

(C) સ્વ. હરભાઈ ત્રિવેદી (D) સ્વ. મૂળશંકરભાઈ ત્રિવેદી

56 રજિસ્ટર થયેલ માધ્યમિક શાળાના રજિસ્ટરમાં જન્મ તારીખ કે નામ વગેરેમાં ફેરફાર કરવાનો વાલી આધાર આપે તો તેને મંજૂરી આપવાની સત્તા કોને છે ?

(A) શાસનાધિકારી (B) નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી

(C) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (D) જિલ્લા શિક્ષણાધિકારી

57 રજિસ્ટર થયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં 602 વિદ્યાર્થીઓ છે તો કેટલા જુનિયર ક્લાર્ક પ્રવર્તમાન જોગવાઈ મુજબ મળી શકે ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) પાંચ

58 અધિકૃત નગરપાલિકા સંચાલિત શિક્ષણ સમિતિના વહીવટી અધિકારી નીચેનામાંથી કયા નામે ઓળખાય છે ?

(A) શાસનાધિકારી (B) બીટ નિરીક્ષક

(C) કેળવણી નિરીક્ષક (D) શિક્ષણ નિરીક્ષક

59 અધિકૃત અધિકારીની ભલામણ અનુસાર ખાનગી પ્રાથમિક શાળાની માન્યતા કોણ પાછી ખેંચી શકે ?

(A) ઉચ્ચ શિક્ષણ નિયામક (B) પ્રાથમિક શિક્ષણ નિયામક

(C) નિરંતર શિક્ષણ નિયામક (D) માધ્યમિક શિક્ષણ બોર્ડ

60 જિલ્લા શિક્ષણ તાલીમ ભવનને અંગ્રેજીમાં સંક્ષિપ્તમાં કેવી રીતે દર્શાવવામાં આવે છે ?

(A) DIET (B) DEOT

(C) DOPT (D) DEPT

61 કર્મચારીને પરિશિષ્ટ-1 મુજબ શિક્ષાના પ્રકારને ધ્યાનમાં રાખી આચાર્યને કયા વિનિયમથી સત્તા મળેલ છે ?

(A) વિનિયમ 27 (અ) (B) વિનિયમ 27 (1)

(C) વિનિયમ 31 (1) (ક) (D) વિનિયમ 33 (1)

62 પરીક્ષકે મૂલ્યાંકન કરેલ ઉત્તરવહીઓની સમીક્ષા કરનારને કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) સંવાહક (B) મોડરેટર

(C) શ્રેયાન પરીક્ષક (D) મૂલ્યાંકનકાર

63 માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાનું સંચાલન કયા સ્થળેથી થતું આવે છે ?

(A) પૂના (B) ગાંધીનગર

(C) વડોદરા (D) સુરત

64 જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને અંગ્રેજીમાં સંક્ષિપ્તમાં કેવી રીતે દર્શાવવામાં આવે છે ?

(A) DOTO (B) DEPO

(C) DIPO (D) DPEO

65 રજિસ્ટર માધ્યમિક શાળા શરૂ થતા પહેલાં કેટલા સમય પહેલાં પટાવાળાએ ફરજ ઉપર હાજર રહેવાનું હોય છે ?

(A) 30 મિનિટ (B) 60 મિનિટ

(C) 90 મિનિટ (D) 40 મિનિટ

66 ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સ્થાવર અને જંગમ મિલકતના કસ્ટોડિયન તરીકે કોણ હોય છે ?

(A) બોર્ડના અધ્યક્ષશ્રી (B) બોર્ડના સેક્રેટરી

(C) બોર્ડના પરીક્ષા નિયામક (D) બોર્ડના ઉપાધ્યક્ષ

67 વિનિયમોની જોગવાઈ મુજબ સામાન્ય રીતે વિદ્યાર્થીને શૈક્ષણિક વર્ષના આરંભથી પ્રવેશ માટે માઈગ્રેશન પિરિયડ કેટલા દિવસનો ગણાય છે ?

(A) 10 દિવસ (B) 30 દિવસ

(C) 60 દિવસ (D) 90 દિવસ

68 સંખ્યાધિક શિક્ષક એટલે .....

(A) વ્યવસાયિક શિક્ષણની અસરને કારણે અસર પામતો શિક્ષક

(B) નવી તરાહના અમલીકરણને કારણે અસર પામતો શિક્ષક

(C) અંગ્રેજી શિક્ષણની અસરને કારણે અસર પામતો શિક્ષક

(D) PTC બે વર્ષનું થવાના કારણે અસર પામતો શિક્ષક

69 ગુજરાત માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારી સમિતિની મુદત કેટલાં વર્ષની હોય છે ?

(A) 5 વર્ષ (B) 4 વર્ષ

(C) 3 વર્ષ (D) 2 વર્ષ

70 બોર્ડની અભ્યાસ સમિતિના સભ્યોની સંખ્યા કેટલી હોય છે ?

(A) 3 થી 5 (B) 6 થી 7

(C) 1 થી 2 (D) 5 થી 6

71 માધ્યમિક શિક્ષણ અધિનિયમ કલમ 3 (2) અન્વયે, હોદ્દાની રૂએ કેટલા સભ્યોને બોર્ડ કારોબારીમાં નિમવાના હોય છે ?

(A) 10 (B) 8

(C) 4 (D) 2

72 માધ્યમિક શિક્ષણ અધિનિયમ કલમ 3 (2)ના વર્ગ 'ખ' ચૂંટાયેલા સભ્યોમાંથી કેટલા સભ્યોને બોર્ડ કારોબારીમાં નિમવાના હોય છે ?

(A) 20 (B) 6

(C) 4 (D) 3

73 માધ્યમિક શાળાના કોઈ પણ કર્મચારીની નિમણૂક થયા બાદ વિનિયમોની જોગવાઈ પ્રમાણે કેટલી મુદતમાં તબીબી તપાસ પ્રમાણપત્ર રજૂ કરવું જોઈએ ?

(A) 1 માસ (B) 2 માસ

(C) 3 માસ (D) 5 માસ

74 વિનિયમોની જોગવાઈ મુજબ માધ્યમિક શાળાનો શિક્ષક 31-3-2013ના રોજ 58 વર્ષ પૂરા કરે છે, તો આ શિક્ષક ઇચ્છે તો કઈ તારીખ સુધી પગાર ભથ્થા માટે હકદાર બને ?

(A) તા. 31-5-2013 (B) તા. 31-3-2013

(C) તા. 30-4-2013 (D) તા. 31-10-2013

75 વિનિયમ 28 (1) મુજબ પૂર્ણકાલીન શિક્ષકે વિરામનો સમય બાદ કરતા અઠવાડિયાના કેટલા કલાક શાળામાં હાજરી આપવાની રહેશે ?

(A) 21 કલાક (B) 25 કલાક

(C) 30 કલાક (D) 34 કલાક

76 ગુજરાત માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, કારોબારી સમિતિમાં વર્ગ 'ગ' નિયુક્ત સભ્યોમાંથી કેટલા સભ્યો નિમવામાં આવે છે ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

77 માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, પરીક્ષા સમિતિમાં વર્ગ 'ક' હોદ્દાની રૂએ નિમાયેલા સભ્યોમાંથી કેટલા સભ્યો નિમવાના હોય છે ?

(A) 4 (B) 5

(C) 6 (D) 1

78 ગુજરાત વિધાનસભા દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં કેટલા સભ્યો નિમવાના હોય છે ?

(A) 4 (B) 5

(C) 6 (D) 8

79 ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ, 1974ના નિયમ 12 (8) (ક) (ખ) અન્વયે કેટલી વિદ્યાર્થિની દીઠ એક સ્ત્રી શિક્ષિકા નિમવી જોઈએ ?

(A) 10 (B) 20

(C) 30 (D) 40

80 માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યોની ચૂંટણી કયા વિનિયમથી કરવામાં આવે છે ?

(A) વિનિયમ-3 (B) વિનિયમ-4

(C) વિનિયમ-5 (D) વિનિયમ-6

81 વિનિયમ 27 (અ) (2) મુજબ ભવિષ્યમાં માધ્યમિક શાળાની નોકરી માટે ગેરલાયક ઠરે તે રીતે બરતરફી કરવાની શિક્ષા કેટલા ક્રમમાં દર્શાવેલ છે ?

(A) 3 (B) 4

(C) 5 (D) 6

82 ગ્રાન્ટેડ શાળાના કર્મચારીને માન્ય રાજકીય પક્ષમાં ભાગ લેવાની છૂટ કયા વિનિયમથી મળી છે ?

(A) વિનિયમ 27 (3)
(B) વિનિયમ 27 (4)
(C) વિનિયમ 27 (4) (ક)
(D) વિનિયમ 27 (5) (ક)

83 રજિસ્ટર થયેલ શાળાના કર્મચારીઓની રજા અંગેના નિયમો કયા વિનિયમ મુજબના છે ?

(A) વિનિયમ-27
(B) વિનિયમ-28
(C) વિનિયમ-29
(D) વિનિયમ-30

84 રજિસ્ટર થયેલ માધ્યમિક શાળાઓએ શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછા કેટલા દિવસોએ આખા દિવસો તરીકેનું શૈક્ષણિક કાર્ય કરવું જોઈએ ?

(A) 170
(B) 180
(C) 190
(D) 200

85 માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું માળખું કેટલા સભ્યોનું હોય છે ?

(A) 54
(B) 52
(C) 48
(D) 36

86 પૂર્ણકાલીન શિક્ષકે વિરામનો સમય બાદ કરતા દર અઠવાડિયે ઓછામાં ઓછા કેટલા કલાક શૈક્ષણિક કાર્ય કરવું જોઈએ ?

(A) 15
(B) 21
(C) 24
(D) 30

87 માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યોની ચૂંટણીની કાર્યરીતિ હેઠળ ચૂંટણીની તારીખ પહેલાં ઓછામાં ઓછા કેટલા સમય અગાઉ મતદાર યાદીની પ્રસિદ્ધિ માટેની જાહેર નોટિસ આપવી જોઈએ ?

(A) 1 માસ
(B) 2 માસ
(C) 3 માસ
(D) 4 માસ

88 માધ્યમિક શિક્ષણ બોર્ડના ચૂંટણી અધિકારીએ ચૂંટણીનું જાહેરનામું અને તારીખની બહોળો ફેલાવો ધરાવતા કેટલા વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધિ કરવી જોઈએ ?

(A) 1
(B) 2
(C) 3
(D) 4

89 માધ્યમિક શિક્ષણ બોર્ડના ચૂંટણી અધિકારીએ જાહેરનામાની તારીખ અને ઉમેદવારોના નામની દરખાસ્ત કરવા માટેની તારીખ વચ્ચે ઓછામાં ઓછા કેટલાં અઠવાડિયાંનો સમયગાળો આપવો જોઈએ ?

(A) 1 અઠવાડિયું (B) 2 અઠવાડિયાં

(C) 3 અઠવાડિયાં (D) 4 અઠવાડિયાં

90 માધ્યમિક શાળાના કર્મચારીઓ માટે વિનિયમની જોગવાઈ મુજબ અડધા પગારી રજા વધુમાં વધુ એકી સાથે કેટલા દિવસ પૂરતી મર્યાદિત છે ?

(A) 30 દિવસ (B) 60 દિવસ

(C) 90 દિવસ (D) 120 દિવસ

91 શાળાના કર્મચારીઓ માટે મહિલાઓને પ્રસૂતિની રજા વિનિયમની જોગવાઈ મુજબ મળે છે, પરંતુ જે પુરુષ કર્મચારીને બે કરતાં ઓછા બાળકો હયાત હોય તેને પત્નીની દેખરેખ માટે કેટલા દિવસની પિર્તૃત્વની રજા મંજૂર કરી શકાય છે ?

(A) 5 દિવસ (B) 10 દિવસ

(C) 15 દિવસ (D) 20 દિવસ

92 અધિનિયમની જોગવાઈઓ અમલમાં લાવવાના હેતુઓ માટે વિનિયમો કરવાની જોગવાઈ કઈ કલમમાં આપેલ છે ?

(A) 17 (41) (B) 17 (42)

(C) 17 (43) (D) 17 (44)

93 અધિનિયમ 1972ની કઈ કલમ મુજબ રજિસ્ટર કરવામાં ન આવે તો કોઈ વ્યક્તિથી તેવી શાળા દ્વારા માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપી ન શકાય ?

(A) કલમ-29 (B) કલમ-30

(C) કલમ-31 (1) (D) કલમ-31 (3)

94 રજિસ્ટર થયેલી શાળાઓનો વહીવટ શાળા સંચાલક મંડળની ફરજનું પાલન કરવામાં બેદરકારી બતાવી હોય તો રાજ્ય સરકાર અધિનિયમની કલમ મુજબ એકી સાથે કેટલી મુદત માટે શાળાનો વહીવટ પોતાના હસ્તક લઈ શકે ?

(A) એકંદરે 5 વર્ષથી વધારે નહીં (B) એકંદરે 3 વર્ષથી વધારે નહીં

(C) એકંદરે 1 વર્ષથી વધારે નહીં (D) એકંદરે 10 વર્ષથી વધારે નહીં

95 માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં ભાગ લેનારે કયા પ્રકારના પત્રકમાં પોતાની ઉમેદવારી નોંધાવવાની દરખાસ્ત કરવી જોઈએ ?

(A) નમૂનો-1 (B) નમૂનો-2

(C) નમૂનો-ખ (D) નમૂનો-ક

96 માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીનું મતપત્ર કયા નમૂના પ્રમાણે હોવું જોઈએ ?

(A) નમૂનો-1 (B) નમૂનો-2

(C) નમૂનો-ક (D) નમૂનો-ખ

97 માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં ભાગ લેનાર ઉમેદવારનું ઉમેદવારી પત્રક ચૂંટણી અધિકારી રદ કરે ત્યારે ઉમેદવારે ચૂંટણી અધિકારીના હુકમ સામે કયા અધિકારીને અપીલ કરવી જોઈએ ?

(A) ચેરમેન

(B) ઉચ્ચ શિક્ષણ કમિશનર - મધ્યાહ્ન ભોજન

(C) પ્રાથમિક શિક્ષણ નિયામક

(D) પરીક્ષા નિયામક

98 અધિકૃત નગરપાલિકા વિસ્તારની અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકે શાળામાંથી છૂટા થવાનો રાજીનામાપત્ર કયા અધિકારીને આપવો જોઈએ ?

(A) શાસનાધિકારી (B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

(C) જિલ્લા શિક્ષણાધિકારી (D) પ્રાથમિક શિક્ષણ નિયામક

99 માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકે રાજીનામું આપવાનો પત્ર કયા અધિકારી સમક્ષ રજૂ કરવાનો હોય છે ?

(A) ઉચ્ચ શિક્ષણ કમિશનર (B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

(C) સચિવ શિક્ષણ બોર્ડ (D) જિલ્લા શિક્ષણાધિકારી

100 માધ્યમિક શાળાના છૂટા કરેલા શિક્ષક અધિનિયમની કઈ કલમના આધારે માધ્યમિક શિક્ષણપંચમાં પોતાની ફરિયાદ નોંધાવી શકે ?

(A) 36 (1) (B) 37

(C) 38 (1) (D) 39 (1)

101 GCERTનું આખું નામ શું છે ?

(A) ગુજરાત કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ

(B) ગુજરાત કાઉન્સિલ ફોર એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ

(C) ગુજરાત કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ ફોર ટ્રેનિંગ

(D) ગુજરાત કાઉન્સિલ ફોર એજ્યુકેશન રિસર્ચ ફોર ટ્રેનિંગ

102 RTE અંતર્ગત નીચેનામાંથી કઈ જોગવાઈ નથી ?

(A) વિદ્યાર્થીઓદીઠ શિક્ષક (B) શિક્ષકદીઠ વર્ગખંડ

(C) એક જ ગામ એક શાળા (D) શાળાદીઠ લાઈબ્રેરી

103 ધોરણ 1 થી 12નાં શાળાકીય પુસ્તકોનું પ્રકાશન કોણ કરે છે ?

(A) ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ

(B) ગુજરાત શાળા પાઠ્યપુસ્તક

(C) ગુજરાત રાજ્ય શાળા મંડળ

(D) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

104 પ્રાથમિક શિક્ષણમાં હિન્દી શિક્ષણની શરૂઆત કયા ધોરણથી થાય છે ?

(A) ધો. 1લા (B) ધો. 2જા

(C) ધો. 3જા (D) ધો. 4થા

105 નિમ્ન પ્રાથમિક શિક્ષણ એટલે.......

(A) ધોરણ 1 થી 4 (B) ધોરણ 1 થી 5

(C) ધોરણ K.G. થી 1 (D) ધોરણ 1 થી 3

106 મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર નિયમો, 2012 અન્વયે દરેક વર્ગખંડનું (કાર્પેટ એરીયા) ભોંયતળ ક્ષેત્રફળ કેટલા ચો. ફૂટથી ઓછું ન હોવું જોઈએ ?

(A) 300 ચો.ફૂ. (B) 350 ચો.ફૂ.

(C) 400 ચો.ફૂ. (D) 450 ચો.ફૂ.

107 મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર નિયમો, 2012 અન્વયે નિયમ 16 મુજબ શાળા વ્યવસ્થાપક સમિતિમાં કુલ 12 સભ્યોમાં કેટલા ટકા મહિલા સભ્યો હોવા જોઈએ ?

(A) 25% (B) 50%

(C) 40% (D) 60%

108 મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમો, 2012 અન્વયે અભ્યાસક્રમ અને મૂલ્યાંકન માટે કયું સત્તામંડળ કામ કરે છે ?

(A) એસ.ટી.ટી.આઈ.
(B) જી.આઈ.ઇ.ટી.
(C) જી.સી.ઈ.આર.ટી.
(D) રાજ્ય પરીક્ષા બોર્ડ

109 મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર નિયમો, 2012 મુજબ જે પ્રાથમિક શાળાઓ સળંગ કેટલા વર્ગ સુધીમાં ન્યૂનતમ પરિણામ મેળવવામાં નિષ્ફળ જાય તો આવી શાળાઓ બંધ કરવી જોઈએ ?

(A) 2 વર્ષ
(B) 4 વર્ષ
(C) 1 વર્ષ
(D) 3 વર્ષ

110 માધ્યમિક ધોરણ એટલે......

(A) ધો. 8 થી 9
(B) ધો. 8 થી 10
(C) ધો. 9 થી 10
(D) ધો. 8 થી 11

111 ભારત સરકારના 6 થી 14 વર્ષનાં બાળકોની કેળવણી માટે ઘડેલો કાયદો એટલે

(A) RTE
(B) RTI
(C) RTF
(D) RTM

112 ''સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન''નો પાયલોટ પ્રોજેક્ટ રાજ્યની શાળાઓમાં કયા શૈક્ષણિક વર્ષમાં અમલીકરણ કરવામાં આવ્યો ?

(A) 2010-11
(B) 2011-12
(C) 2012-13
(D) 2009-10

113 ગુજરાત માધ્યમિક અને ઉ. માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી પ્રતિ કેટલા વર્ષે કરવામાં આવે છે ?

(A) 3
(B) 2
(C) 1
(D) 5

114 રજિસ્ટર માધ્યમિક શાળાની ભરતી માટે આચાર્યની જગ્યા માટે અનુભવના કેટલા ગુણ ગુણાંકન માટે રાખવામાં આવેલ છે ?

(A) 5 ગુણ
(B) 2 ગુણ
(C) 3 ગુણ
(D) 4 ગુણ

115 મફત અને ફરજિયાત શિક્ષણ અંગેના હકના કાનૂનની જોગવાઈ મુજબ કોઈ શાળા બાળકને યોગ્યતાની કસોટીમાંથી પસાર થવાની ફરજ પાડશે તો પ્રથમ ઉલ્લંઘન માટે કેટલા રૂપિયાના દંડની જોગવાઈ છે ?

(A) રૂ. 10,000
(B) રૂ. 20,000
(C) રૂ. 25,000
(D) રૂ. 50,000

116 મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ મુજબ રચાયેલી શાળા વ્યવસ્થાપન સમિતિમાં માતા-પિતા કે વાલીઓની સંખ્યા કેટલી હોવી જોઈએ ?

(A) ત્રણ ચતુર્થાંશ
(B) બે ચતુર્થાંશ
(C) ત્રણ પંચમાંશ
(D) બે પંચમાંશ

117 મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અન્વયે કોઈ પણ પ્રાથમિક શાળાનો શિક્ષક ખાનગી ટ્યૂશન કે ખાનગી શિક્ષણ આપતી પ્રવૃત્તિ સાથે કઈ કલમ મુજબ પોતાની જાતને સાંકળી શકશે નહીં ?

(A) કલમ 25
(B) કલમ 26
(C) કલમ 27
(D) કલમ 28

118 મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર - કાર્યયોજના મુજબ 85 પ્રવેશ મેળવેલાં બાળકોની સંખ્યા હોય તો ધો. 1 થી 5 માટે કેટલા શિક્ષકો મળવાપાત્ર ગણાય ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ચાર

119 શૈક્ષણિક વર્ષ 2013-14માં યોજાયેલ ગુજરાત માધ્યમિક અને ઉ. માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં સંચાલક વર્ગના કેટલા પ્રતિનિધિઓની કેટલી બેઠક માટે ચૂંટણી યોજવામાં આવી હતી ?

(A) 4
(B) 3
(C) 2
(D) 1

120 શિક્ષણ બોર્ડના માળખામાં સંચાલક મંડળની બેઠક પૈકી કેટલી બેઠકો મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, 1950 હેઠળ કેટલા પ્રતિનિધિઓ માટે અનામત રાખવામાં આવી છે ?

(A) 2
(B) 4
(C) 6
(D) 8

121 ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, 1972નું અમલીકરણ કઈ તારીખથી અમલમાં આવ્યું ?

(A) તા. 28-9-1972
(B) તા. 28-9-1971
(C) તા. 28-9-1973
(D) તા. 28-9-1974

122 શાળામાં રોજ કરવામાં આવતી 10 મિનિટની પ્રાર્થનાનો સમય શિક્ષકનો _______ ગણવાનો રહેશે.

(A) કાર્યભાર
(B) વિરામ
(C) અભ્યાસેતર પ્રવૃત્તિ
(D) શૈક્ષણિક પ્રવૃત્તિ

123 મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર મુજબ શિક્ષક માટે સપ્તાહદીઠ કામકાજના કેટલા લઘુતમ કલાકનો સમાવેશ થાય છે ?

(A) 40 કલાક
(B) 42 કલાક
(C) 45 કલાક
(D) 48 કલાક

124 પ્રાશ્નિકો, શ્રેયાન મૂલ્યાંકનકારો અને એવી અન્ય વ્યક્તિઓની લાયકાતો તથા મહેનતાણાં દર, કઈ સમિતિ નક્કી કરે છે ?

(A) કારોબારી સમિતિ
(B) પરીક્ષા સમિતિ
(C) નાણાં સમિતિ
(D) અભ્યાસ સમિતિ

125 માધ્યમિક અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડની જાહેર પરીક્ષા સંબંધે ઉમેદવાર દ્વારા કોઈ પણ ગેરરીતિ આચરવામાં આવી હોય તો તે અંગેની નીતિ નક્કી કરીને શિક્ષાત્મક કાર્યવાહી કઈ સમિતિ કરે છે ?

(A) કારોબારી સમિતિ
(B) પરીક્ષા સમિતિ
(C) નાણાં સમિતિ
(D) અભ્યાસ સમિતિ

126 20થી વધુ વર્ગો ધરાવતી માધ્યમિક શાળાના વડાએ અઠવાડિયે કેટલા કલાકનું શૈક્ષણિક કામ કરવું જોઈએ ?

(A) 1 કલાક
(B) 2 કલાક
(C) 3 કલાક
(D) 6 કલાક

127 ગુજરાત માધ્યમિક અને ઉ. માધ્યમિક શિક્ષણબોર્ડ, મરજિયાત પ્રખરતા શોધ કસોટીનું ધો. 9 માટે આયોજન કરે છે. આ કસોટીમાં કેટલા વિષયોની પરીક્ષા લેવામાં આવે છે ?

(A) 2 વિષય (B) 4 વિષય

(C) 6 વિષય (D) 7 વિષય

128 મધ્યાહ્ન ભોજન યોજના ક્યારથી અમલમાં આવી ?

(A) 1995 (B) 1990

(C) 1999 (D) 2000

129 H.S.C. પરીક્ષા અને સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહમાં વૈકલ્પિક વિષય તરીકે બંનેમાં એક જ પ્રશ્નપત્ર તૈયાર કરવામાં આવતો વિષય કયો છે ?

(A) કોમ્પ્યૂટર (B) વાણિજ્ય સંચાલન

(C) આંકડાશાસ્ત્ર (D) સમાજશાસ્ત્ર

130 S.S.C. પરીક્ષા માટે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ કઈ ભાષાની પરીક્ષા ફરજિયાત આપવાની હોય છે ?

(A) હિન્દી (B) ગુજરાતી

(C) સંસ્કૃત (D) અંગ્રેજી

131 માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા S.S.C પરીક્ષામાં વધુમાં વધુ પ્રથમ ભાષા તરીકે કેટલી ભાષાઓની પરીક્ષા લેવામાં આવે છે ?

(A) 5 ભાષા (B) 7 ભાષા

(C) 9 ભાષા (D) 11 ભાષા

132 પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949ના કયા નિયમ હેઠળ ખાનગી પ્રાથમિક શાળાની મંજૂરી આપવામાં આવે છે ?

(A) નિયમ 106 (B) નિયમ 107

(C) નિયમ 108 (D) નિયમ 109

133 ગુજરાત સરકાર, ગુજરાત માધ્યમિક/ઉ. માધ્યમિક શિક્ષણ બોર્ડનું વિસર્જન - પદચ્યુતિ કયા અધિનિયમ હેઠળ કરી શકે ?

(A) નિયમ 48 (B) નિયમ 51

(C) નિયમ 54 (D) નિયમ 57

134 ખાનગી માધ્યમિક શાળાના કાયમી કર્મચારીની નોકરીની સમાપ્તિ, અધિનિયમની કઈ કલમના આધારે સંચાલક મંડળ કરી શકે ?

(A) કલમ 30
(B) કલમ 33
(C) કલમ 36
(D) કલમ 38

135 માધ્યમિક અને ઉ.માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમ 16 (1) (3) મુજબ પરીક્ષા કેન્દ્રોની પસંદગી કરતી વખતે જે તે કેન્દ્ર પર ઓછામાં ઓછા કેટલા પરીક્ષાર્થીઓની સંખ્યા હોવી જોઈએ ?

(A) 250
(B) 300
(C) 400
(D) 500

136 રાજ્ય બહારની યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજો કે સંસ્થામાં જોડાવા ઇચ્છતા સફળ ઉમેદવાર અરજી કરે તો તેને કયા અધિકારી સ્થળાંતર પ્રમાણપત્ર (માઈગ્રેશન સર્ટિફિકેટ) આપે છે ?

(A) બોર્ડના અધ્યક્ષશ્રી
(B) બોર્ડના ઉપાધ્યક્ષશ્રી
(C) બોર્ડના પરીક્ષા સચિવશ્રી
(D) બોર્ડના પરીક્ષા નિયામકશ્રી

137 ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં પ્રાશ્નિક માટે વિનિયમોની જોગવાઈ મુજબ મૂલ્યાંકનકાર તરીકે કેટલાં વર્ષનો અનુભવ હોવો જોઈએ ?

(A) 8 વર્ષ
(B) 9 વર્ષ
(C) 10 વર્ષ
(D) 11 વર્ષ

138 મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 કઈ તારીખથી અમલમાં આવ્યો ?

(A) તા. 26-1-1948
(B) તા. 27-1-1948
(C) તા. 28-1-1948
(D) તા. 29-1-1948

139 પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 નીચે રચાયેલ દરેક સ્કૂલ બોર્ડની સભ્ય સંખ્યા કેટલી નક્કી કરવામાં આવી છે ?

(A) 12 થી ઓછી નહીં અને 16 થી વધારે નહીં
(B) 11 થી ઓછી નહીં અને 15 થી વધારે નહીં
(C) 10 થી ઓછી નહીં અને 14 થી વધારે નહીં
(D) 13 થી ઓછી નહીં અને 17 થી વધારે નહીં

140 ગુજરાત માધ્યમિક/ઉ. માધ્યમિક શિક્ષણ અધિનિયમ-3માં વર્ગ ''ખ'' ચૂંટાયેલા સભ્યો પૈકી કયા સભ્યોની ચૂંટણી પ્રમાણસર પ્રતિનિધિત્વ ક્રમિક મત પદ્ધતિએ વિધાનસભા ચૂંટે છે ?

(A) 3 (2) (ખ) (2)
(B) 3 (2) (ખ) (6)
(C) 3 (2) (ખ) (3)
(D) 3 (2) (ખ) (10)

141 નોંધાયેલ લઘુમતી માધ્યમિક શાળાના કર્મચારીએ, રાજીનામું કોની સમક્ષ આપવું જોઈએ ?

(A) ડી.ઇ.ઓ. મારફત સંચાલક મંડળને
(B) ડી.આઇ.ઈ.ટી. મારફત સંચાલક મંડળને
(C) શાળા સંચાલક મંડળને
(D) ડી.પી.ઇ.ઓ. મારફત ડી.ઇ.ઓ.ને

142 માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માટે શાળાના કામકાજના દિવસો પૈકી ઓછામાં ઓછા કેટલા ટકા હાજરી આપવાની હોય છે ?

(A) 60%
(B) 65%
(C) 80%
(D) 90%

143 લઘુમતીએ સ્થાપેલી અને તે દ્વારા વહીવટ ચાલતો હોય તેવી કોઈ શૈક્ષણિક સંસ્થાને ભરતી અને છટણી બાબતના વિનિયમો બંધનકર્તા રહેશે નહીં, તે કયા વિનિયમથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે ?

(A) 41
(B) 42
(C) 43
(D) 44

144 ગુજરાત માધ્યમિક/ઉ. માધ્યમિક શિક્ષણબોર્ડના અધ્યક્ષ છેલ્લાં 11 વર્ષથી સેવા આપે છે, જે અધિનિયમની કઈ કલમનો અનાદર કરે છે ?

(A) કલમ 5(1)
(B) કલમ 5(2)
(C) કલમ 5(3)
(D) કલમ 5(5)

145 નોંધાયેલ ખાનગી માધ્યમિક શાળાના સંચાલક, શાળા બંધ કરવાની તારીખથી 4 માસ અગાઉ લેખિત નોટિસ આપે છે. આ કૃત્ય અધિનિયમની કઈ કલમનો અનાદર કરે છે ?

(A) કલમ 44(1)
(B) કલમ 44(2)
(C) કલમ 45
(D) કલમ 46

146 ગુજરાત રાજ્યનું શિક્ષણ માળખું એટલે......

(A) 7+4+4 (B) 7+3+2+3

(C) 8+2+2+3 (D) 2+8+5

147 મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમની કલમ 20(2) મુજબ પ્રાથમિક શાળાના શિક્ષકોને કઈ સુવિધા મળે છે ?

(A) પ્રોવિડંટ ફંડ (B) રજા રોકડમાં રૂપાંતર

(C) ટ્રાન્સપોર્ટ એલાઉન્સ (D) મેડિકલ એલાઉન્સ

148 મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1923 અથવા સૌરાષ્ટ્ર શિક્ષણ અધિનિયમ, 1956 અને મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 અન્વયે કઈ યોજના મંજૂર કરેલ યોજના છે એમ ગણાશે ?

(A) ફરજિયાત શિક્ષણ યોજના (B) ગુણવત્તાલક્ષી યોજના

(C) નિરંતર શિક્ષણ યોજના (D) સાક્ષરતા શિક્ષણ યોજના

149 મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947ની કઈ કલમ મુજબ માન્ય શાળાના શિક્ષકનું પ્રમાણપત્ર કલમ 32 નું પાલન કરવાની પિતા અથવા માતાએ ચૂક કરી છે તે બાબત નિર્ણાયક પુરાવો ગણાશે ?

(A) કલમ 35 (B) કલમ 36

(C) કલમ 36 (ગ) (D) કલમ 36 (ઘ)

150 નોંધાયેલ ખાનગી માધ્યમિક શાળાના શિક્ષકોની પસંદગી સમિતિની રચના, અધિનિયમની કઈ કલમના આધારે રચવામાં આવી છે ?

(A) કલમ 35 (B) કલમ 30

(C) કલમ 18 (D) કલમ 20

151 ખાનગી પ્રાથમિક શાળાના સંચાલક ધોરણ-5ના બીજા વધારાના એક વર્ગ માટે રૂ. ______ની ચુકવણી સાથે નિયમપત્રકમાં અધિકૃત અધિકારીને અરજી કરવાની હોય છે.

(A) 50.00 (B) 500.00

(C) 1000.00 (D) 10000.00

152 કેન્દ્રિય કક્ષાએ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટેની સમિતિ ......

(A) શ્રી યશપાલ કમિટી
(B) શ્રી ડી કોઠારી કમિશન
(C) શ્રી ઈ. પટેલ કમિટી
(D) શ્રી માંકડ કમિટી

153 કોઈ નોંધાયેલ માધ્યમિક શાળા પોતાના વર્ગ બઢતી નિયમો અમલમાં મૂકતા પૂર્વે કોની પૂર્વ પરવાનગીની માગણી કરી શકે ?

(A) માધ્યમિક શિક્ષણ બોર્ડની
(B) રાજ્ય શાળા પરીક્ષા બોર્ડની
(C) સાયન્સ સિટીની
(D) યુનિવર્સિટી ગ્રાન્ટ પંચની

154 ન્યૂ એસ.એસ.સી. એક્ઝામિનેશન નિયમો ક્યારથી અમલમાં આવ્યા છે ?

(A) 1973થી
(B) 1975થી
(C) 1976થી
(D) 1978થી

155 નીચેનામાંથી કયા કર્મચારી વેકેશન માટે હકદાર નથી ?

(A) આચાર્ય
(B) શિક્ષક
(C) શિક્ષક નિરીક્ષક
(D) ઉપાચાર્ય

156 ધોરણ 12ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને અન્ય વિદ્યાશાખાના પ્રવાહને પસંદ કરવાની છૂટ ક્યાં સુધી અપાયેલી છે ?

(A) 31 ઓગસ્ટ
(B) 31 જુલાઈ
(C) 30 જૂન
(D) 30 સપ્ટેમ્બર

157 મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 મુજબ માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને શિક્ષા કરવાની કાર્યરીતિ કઈ કલમમાં કરવામાં આવી છે ?

(A) 40(ક) (1)
(B) 40-ખ (1)(ક)
(C) 40 - ગ
(D) 40 - ઘ(ક)

158 મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 અન્વયે આવર્તક અને અનાવર્તક વાર્ષિક ખર્ચ અધિકૃત નગરપાલિકાની વસ્તી પચાસ હજારથી ઓછી હોય તો કેટલા ટકા ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે ?

(A) 50%
(B) 60%
(C) 70%
(D) 80%

159 મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949ના નિયમ 7 મુજબની સ્કૂલ બોર્ડના સભ્યોની ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવે કે તુરત જ સભ્યોનાં નામો સક્ષમ અધિકારીને કયા પરિશિષ્ટ મુજબ મોકલવા જોઈએ ?

(A) પરિશિષ્ટ "ક"
(B) પરિશિષ્ટ "ખ"
(C) પરિશિષ્ટ "ગ"
(D) પરિશિષ્ટ "ઘ"

160 સ્કૂલ બોર્ડની પહેલી બેઠક અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી કરવા હેતુસર આવી બેઠક બોલાવવા કોણ પ્રમુખની સત્તા નિયમ 10 મુજબ વાપરી શકે ?

(A) સ્કૂલ બોર્ડના અધ્યક્ષ
(B) પ્રાથમિક શિક્ષણ નિયામક
(C) જિલ્લા શિક્ષણાધિકારી
(D) જિલ્લા કલેક્ટર

161 મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949ના નિયમોના આધારે પ્રથમવાર શિક્ષણ સમિતિની મિટિંગ અધ્યક્ષની ચૂંટણી માટે મળે છે ત્યારે અધ્યક્ષની ચૂંટણી ન થાય ત્યાં સુધી પ્રમુખ તરીકે કોણ સ્થાન લેશે ?

(A) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી
(B) નગરપાલિકાના પ્રમુખશ્રી
(C) જિલ્લા કલેક્ટરશ્રી
(D) તાલુકા પંચાયતના પ્રમુખશ્રી

162 મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949ના નિયમ 17 મુજબ જે સ્કૂલ બોર્ડના સભ્યોની કુલ સંખ્યા 14 કરતાં વધુ હોય તે સ્કૂલ બોર્ડની બાબતમાં કેટલા સભ્યોનું કોરમ બનશે ?

(A) 5 સભ્યો
(B) 4 સભ્યો
(C) 3 સભ્યો
(D) 7 સભ્યો

163 મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949ના નિયમ 126 મુજબ ધોરણ 1 થી 2 માં ગૃહકાર્ય આપવા અંગે શું નિયમો છે ?

(A) ગૃહકાર્ય આપવું
(B) ગૃહકાર્ય ન આપવું
(C) ગૃહકાર્ય સ્વૈચ્છિક આપવું
(D) ગૃહકાર્ય ફરજિયાત આપવું

164 મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949 મુજબ ધો. 3 અને ધો. 4માં વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપવા સંદર્ભે શું નિયમ છે ?

(A) યોગ્ય ગૃહકાર્ય આપી શકાય
(B) ગૃહકાર્ય આપી શકાય નહીં
(C) ગૃહકાર્ય સ્વૈચ્છિક આપી શકાય
(D) ગૃહકાર્ય ફરજિયાત આપી શકાય

165 મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1947 મુજબ ધો. 6-7માં કેટલા કલાક ગૃહકાર્ય આપી શકાય ?

(A) અડધો કલાક
(B) એક કલાક
(C) દોઢ કલાક
(D) બે કલાક

166 'માધ્યમિક શાળામાં ફરજ બજાવતા કર્મચારી શનિવારે પરચૂરણ રજા હેઠળ ગેરહાજર રહે છે. કુદરતી રીતે સોમવાર અને મંગળવારે ફરજ પર હાજર થઈ શકતા નથી. તો આ કર્મચારીની પ્રાસંગિક રજા કેટલી ગણાશે ?

(A) 4 રજા
(B) 3 રજા
(C) 2 રજા
(D) 1 રજા

167 શાળાકીય કામકાજના શૈક્ષણિક દિવસોમાં લાંબી ગેરહાજરી નીચેના પૈકી કયા કારણથી બોર્ડના અધ્યક્ષશ્રી શૈક્ષણિક દિવસોની તૂટ-માફ કરી શકે, જેથી વિદ્યાર્થી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા આપી શકે ?

(A) લાંબી બીમારી
(B) માતા/પિતાનું મરણ
(C) NSS શિબિરમાં હાજરી
(D) આપેલ બધા જ

168 શાળાના સંચાલક મંડળના સભ્ય સાથે નજીકનું સગપણ ધરાવતી વ્યક્તિ શિક્ષક તરીકે પસંદ થવા પામે તો, અને તેની જાણ પસંદગી સમિતિને હોય તો, પસંદગી સમિતિએ કયા નિયમ હેઠળ જરૂરી જાણ જે તે અધિકારીને કરવી જોઈએ ?

(A) 35(6)
(B) 35(1) (B)
(C) 35(1) (A)
(D) 35(1) 5

169 ખાનગી માધ્યમિક શાળાની નોંધણી બોર્ડ અધિનિયમની કઈ કલમના આધારે કરે છે ?

(A) કલમ 30(2)
(B) કલમ 31(B)
(C) કલમ 33
(D) કલમ 34

170 પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 24(2) હેઠળ કરાયેલ હુકમ સામે પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949ના કયા નિયમ હેઠળ અપીલ કરી શકાય છે ?

(A) 65
(B) 70
(C) 71
(D) 75

171 અનુદાન નિયમ સંગ્રહ - 64 સામે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમોની જોગવાઈ અમલી બનશે, તે કયા વિનિયમથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે ?

(A) 42
(B) 43
(C) 44
(D) 40

172 ગુજરાત માધ્યમિક/ઉ. માધ્યમિક બોર્ડે વિજ્ઞાન વિદ્યાશાખામાં સિમેસ્ટર પદ્ધતિ કયા શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકી છે ?

(A) 2010-11
(B) 2011-12
(C) 2012-13
(D) 2013-14

173 મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949ના નિયમ 131 મુજબ એક જ લત્તામાં આવેલી એક શાળામાંથી બીજી શાળામાં વિદ્યાર્થીઓની બદલી માત્ર શાળાના વર્ષની શરૂઆતના કેટલા મહિના સુધી કરવા દેવાશે ?

(A) એક મહિનો
(B) બે મહિના
(C) ત્રણ મહિના
(D) ચાર મહિના

174 જિલ્લા સ્કૂલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકાએ અંદાજેલી ગ્રાન્ટ નિયમ 152 મુજબ રાજ્ય સરકાર કેટલા હપતામાં ચૂકવે તેવી જોગવાઈ છે ?

(A) ચાર હપતા
(B) ત્રણ હપતા
(C) બે હપતા
(D) એક હપતો

175 મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949ના નિયમ 168 મદદનીશ શિક્ષણ નિરીક્ષકે વાર્ષિક તપાસણી ઉપરાંત દર વરસે ઓછામાં ઓછી તેની બીટની શાળાની મુલાકાત લેવી જોઈએ ?

(A) ચાર વખત
(B) ત્રણ વખત
(C) બે વખત
(D) એક વખત

176 નિયમો 1949 અન્વયે મંજૂર કરેલી ખાનગી પ્રાથમિક શાળાનું વ્યવસ્થાતંત્ર પૂર્વ પરવાનગી વિના શાળા બંધ ન કરી શકે. કે વર્ગો બંધ ન કરી શકે. આ માટે વ્યવસ્થાતંત્રે કેટલા મહિના પહેલાં મંજૂરી લેવી જોઈએ ?

(A) 2 મહિના
(B) 3 મહિના
(C) 4 મહિના
(D) 6 મહિના

177 મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949ના નિયમ 106(2) અને 111(2) (ગ) મુજબ કોઈ કાયમી કર્મચારીએ કેટલા મહિનાની નોટિસ આપ્યા વગર રાજીનામું આપવું નહીં ?

(A) 12 માસ
(B) 6 માસ
(C) 3 માસ
(D) 1 માસ

178 મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947ની કલમ 35(1) મુજબ બાળકને માન્ય શાળામાં નહીં મોકલવા બદલ ફરજિયાત શિક્ષણની અવગણના માટે માતા-પિતા દોષિત ઠરેથી કેટલા રૂપિયા સુધી દંડ કરી શકાશે, તેવી જોગવાઈ છે ?

(A) આઠ આના
(B) એક રૂપિયો
(C) દોઢ રૂપિયો
(D) બે રૂપિયા

179 રાજ્ય સરકારે પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષક માટેની અભિયોગ્યતા કસોટી લેવાનું કઈ તારીખના ઠરાવથી ઠરાવવામાં આવ્યું છે ?
(A) તા. 18-1-2012 (B) તા. 18-2-2011
(C) તા. 18-3-2013 (D) તા. 18-1-2013

180 માધ્યમિક શાળાંત પરીક્ષા S.S.C.માં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના સંદર્ભમાં 30% આંતરિક ગુણભારનું અમલીકરણ કયા શૈક્ષણિક વર્ષથી અમલમાં આવ્યું છે ?
(A) 2010-11 (B) 2011-12
(C) 2012-13 (D) 2013-14

181 માધ્યમિક શાળાંત પરીક્ષામાં પ્રત્યેક વિષયમાં ઉત્તીર્ણ થવા સારુ કેટલા ગુણ હોવા જરૂરી છે ?
(A) 35 ગુણ (B) 33 ગુણ
(C) 32 ગુણ (D) 31 ગુણ

182 દેશમાં પ્રાથમિક શાળામાં ચાલતા મધ્યાહ્ન ભોજનની ચોકસાઈના અભાવે તાજેતરમાં મોટી સંખ્યામાં બાળકોના અવસાન કયા રાજ્યમાં થયા ?
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર
(C) મધ્ય પ્રદેશ (D) બિહાર

183 અનુદાનિત માધ્યમિક શાળામાં ફાજલ થતા શિક્ષકોને રક્ષણ બાબતે તા. 30-5-2012ના ઠરાવ મુજબ ધો. 9થી 12ના કુલ કેટલા વર્ગો હોય તો, શાળાની સિનિયોરિટીમાં સમાવેશ થતો હોય તો એક વ્યાયામ શિક્ષકને ફાજલ ન કરતા શાળામાં રાખી શકાય ?
(A) 2 વર્ગો (B) 4 વર્ગો
(C) 1 વર્ગ (D) 3 વર્ગો

184 ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમને અનુલક્ષી શાળાના વડા અન્ય જગ્યા માટે નોકરી માટે અરજી કરે ત્યારે સંચાલક મંડળ મારફત રવાના કરવાની જોગવાઈ છે ?
(A) 34(1) ક (B) 34(1) ખ
(C) 34(1) ગ (D) 34(2)

185 સરકારી માધ્યમિક શાળાના કર્મચારીએ, નોકરી છોડવા બાબતનો પત્રવ્યવહાર કયા અધિકારી સમક્ષ રજૂ કરવાનો હોય છે ?
(A) જિલ્લા શિક્ષણાધિકારી (B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(C) શાસનાધિકારી (D) જિલ્લા તાલીમ ભવનના અધિકારી

186 નોંધાયેલ ખાનગી માધ્યમિક શાળાના કર્મચારી, પોતાની નોકરી છોડવા માગે છે. આ સંજોગોમાં તેમણે કયા અધિકારી સમક્ષ રજૂઆત કરવાની થશે ?
(A) શાસનાધિકારી (B) જિલ્લા શિક્ષણાધિકારી
(C) જિલ્લા વિકાસ અધિકારી (D) જિલ્લા પોલીસ વડા

187 સહાયતા અનુદાન નિયમ સંગ્રહ, 1964ના કયા નિયમ મુજબ અનુદાનિત શાળાઓ માટેના હુકમ અંગે નિર્ણયમાં ફેરફાર કરવાના, રદ કરવાના કે બદલવાના વિશેષ અધિકાર આપેલા છે ?

(A) નિયમ 125
(B) નિયમ 126
(C) નિયમ 127
(D) નિયમ 120

188 ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974 મુજબ શૈક્ષણિક સમિતિમાં વિનિયમ 8(ક) (2) મુજબ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ઉપરાંત તેમાં કેટલા સભ્યો રહેશે ?

(A) 6 સભ્યો
(B) 8 સભ્યો
(C) 9 સભ્યો
(D) 10 સભ્યો

189 ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974માં વિનિયમ 16મા જાહેર આરોગ્ય તબીબી તપાસનો નમૂનો કયા ક્રમમાં આવે છે ?

(A) નમૂનો 16-1
(B) નમૂનો 16-2
(C) નમૂનો 16-3
(D) નમૂનો 16-4

190 ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, 1972 મુજબ કઈ કલમમાં રાજ્ય સરકાર રાજ્યપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને એક અથવા વધારે ટ્રિબ્યુનલની રચના કરી શકશે

(A) કલમ 39(1)
(B) કલમ 40(1)
(C) કલમ 41(1)
(D) કલમ 43(1)

191 વ્યક્તિ કે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટેના મહત્ત્વના ગુણો કયા છે ?

(A) જીવનકૌશલ્યો
(B) મૂલ્યો
(C) વલણો
(D) આપેલા બધા

192 WHOનું પૂરું નામ છે.

(A) Write head organisation
(B) World health organisation
(C) World headquater organisation
(D) Write him observe

193 વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ વિકસે તેવી પ્રવૃત્તિ કઈ હોવી જોઈએ ?

(A) વૃક્ષારોપણ
(B) ગ્રામસફાઈ
(C) લોકનૃત્ય
(D) ગ્રાહક સુરક્ષા

194 HOTSનું પૂરું નામ શું છે ?

(A) High order thought skill (B) Higher order thought skill

(C) High order thinking skill (D) Higher order thinking skill

195 મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર, 2009 મુજબ ધો. 1 થી 5 માટેની શાળાની સુવિધા બાળકોને કેટલા અંતરે મળવાની જોગવાઈ છે ?

(A) 1 કિ.મી. મર્યાદા (B) 2 કિ.મી. મર્યાદા

(C) 3 કિ.મી. મર્યાદા (D) 5 કિ.મી. મર્યાદા

196 મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર, 2009 મુજબ ધો. 6 થી 8 માટેની શાળાની સુવિધા બાળકોને કેટલા અંતરે મળવી જોઈએ ?

(A) 1 કિ.મી. મર્યાદા (B) 3 કિ.મી. મર્યાદા

(C) 5 કિ.મી. મર્યાદા (D) 7 કિ.મી. મર્યાદા

197 મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર, 2009 અધિનિયમ અંતર્ગત ધો. 1 થી 5ની શાળાઓનું શિક્ષણ કાર્ય ઓછામાં ઓછા કેટલા દિવસ ચાલવું જોઈએ ?

(A) 180 દિવસ (B) 200 દિવસ

(C) 220 દિવસ (D) 240 દિવસ

198 મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર, 2009 અંતર્ગત ધો. 6 થી 8ની શાળાઓનું શિક્ષણ કાર્ય ઓછામાં ઓછા કેટલા દિવસ ચાલવું જોઈએ ?

(A) 180 દિવસ (B) 200 દિવસ

(C) 220 દિવસ (D) 240 દિવસ

199 મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર નિયમો, 2012 અંતર્ગત શાળામાં પ્રારંભિક પ્રવેશ સમયે કઈ તારીખ અને માસમાં 5 વર્ષ પૂરાં થયાં હોવા જોઈએ ?

(A) જે તે વર્ષની 1લી જૂન (B) જે તે વર્ષની 1લી જુલાઈ

(C) જે તે વર્ષની 1લી ઓગસ્ટ (D) જે તે વર્ષની 1લી સપ્ટેમ્બર

200 NCF-2005ની વિશેષતા શી છે ?

(A) પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ (B) જ્ઞાનનું સર્જન

(C) ભાર વિનાનું ભણતર (D) દર્શાવેલ બધા જ